**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

તા.23/5/2021 / 7231

**શ્રી વિજયભાઈ રૂપાણી**
**માનનીય મુખ્યમંત્રી શ્રી**
**ગુજરાત રાજ્ય**
**ગાંધીનગર**

**વિષય: ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલ હુકમ ના અનુસંધાન માં હોટેલ – રેસ્ટોરન્ટ માટે હોમ ડીલીવરી નો સમય રાત ના 11 વાગ્યા સુધી કરવા બાબતે**

સંદર્ભ : ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલ હુકમ તા. 20/5/2021 ક્રમાંક વી-1/કઅવ /102020/482 -A

માનનીય મુખ્યમંત્રી શ્રી,

ગુજરાત ચેમ્બર ઓફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI) તરફથી શુભેચ્છાઓ.

ગુજરાત સરકારે રાજયના વેપારીઓના હિતમાં દુકાનોને સવારના 9 વાગ્યા થી બપોરના 3 વાગ્યા સુધી ખુલ્લા રાખવા માટે આપેલ મંજૂરી આવકાર્ય છે.

આપશ્રી વિદિત છો તેમ ગુજરાત માં 40,000 થી 50,000 જેટલી હોટેલ અને રેસ્ટોરન્ટ આવેલ છે જે એની સાથે સીધી-આડકતરી રીતે સંકળાયેલા અંદાજે 10-12 લાખ લોકોને રોજગારી પુરી પાડે છે. આ ઉદ્યોગ એક વર્ષ કરતા વધુ સમયથી કટોકટીની પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. મોટાભાગના નાના ઉદ્યોગસાહસિકો આટલા લાંબા સમય સુધી ટકી શક્યા ન હોવાથી તેમાંથી ઘણાએ તેમના વ્યવસાય બંધ કર્યા છે.આ ઉદ્યોગો ને રાહત આપવામાં નહીં આવે તો આ ઉદ્યોગો ભાંગી પડશે અને મોટા પ્રમાણમાં લોકો બેરોજગાર પણ થશે. હોટેલ અને રેસ્ટોરન્ટને ધંધા નો મુખ્ય સમય સાંજ નો હોય છે ત્યારે આ ગાઇડલાઇનમાં માત્ર રાત્રીના 8 વાગ્યા સુધી હોમ ડીલીવરી ની મળેલ મંજૂરીના લીધે એમને કોઈ ફાયદો મળેલ નથી.

સાહેબશ્રી, રાજ્યમાં ઘણા નોકરી કરનારા અને જેના પરિવારોમાં બધા સભ્યો કોરોનગ્રસ્ત છે તેઓ બહારના ટિફિન અથવા પૅક્ડફૂડ પર આધારિત હોય છે ત્યારે રાત્રીના 8 વાગ્યા સુધી હોમ ડીલીવરીના લીધે એમને પણ તકલીફ ઉભી થશે. હોટેલ અને રેસ્ટોરન્ટે સરકાર દ્વારા કોરોના નિયંત્રણ માટે સમયે - સમયે બહાર પાડેલ બધી જ ગાઇડલાઇનનું પાલન કરવામાં પૂર્ણ સહયોગ આપેલ છે અને આગળ પણ કરતા રહેશે.

અમારી આપને વિનંતી છે કે હોટેલ અને રેસ્ટોરનન્ટ માં હોમ ડિલિવરી માટેનો સમય રાત્રી ના 11 વાગ્યા સુધી કરી આપશો તો આ ઉદ્યોગોં એ ઘણી રાહત મળશે અને કોરોના સંક્રમણમાં પણ એના થી કોઈ વધારો નહીં થાય.

ઉપરોકત બાબતને ધ્યાન માં રાખતા આપના તરફથી સત્વરે પગલાં લઇ યોગ્ય કરી આપવા અમારી આપને વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સહ

આપનો વિશ્વાસુ

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org